# 15. ગોદ માતની ક્યાં?

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:

1) માતાના ટહુકા પાસે કોની વિસાત નથી?

(A) સૂર

(B) તાલ

(C) સંગીત

(D) ઉપરના ત્રણેયની

2) 'હાજર હાથ હજાર હોય' વાક્યનો અર્થ...

(A) કોઈ મદદ કરવા આવતું નથી

(B) એક હજાર હાથની વાત છે.

(C) માતાની મમતા દેખાતી નથી

(D) બધા જ મદદ કરવા તૈયાર હોય

3) માતાની છાયાને કવિ કોની સાથે સરખાવે છે?

(A) સૂર, તાલ ને સંગીત સાથે

(B) ઉનાળાના તડકા સાથે

(C) ભર્યા ઉનાળાની પરબ સાથે

(D) શિયાળાની ઠંડી સાથે

4) કવિને શિયાળામાં હૂંફ કેવી રીતે મળે છે?

(A) તાપણું કરીને

(B) માતાની લાગણીથી

(C) શય્યામાં સૂવાથી

(D) કડકડતી ઠંડીથી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

1) માતાની આંખોથી કવિ શું પ્રાપ્ત કરે છે ?

- આકાશમાં સૂર્ય, ચંદ્ર અને તારા પ્રકાશ પાથરે છે. આથી પૃથ્વી પર સૌને સૂર્યની ગરમીનો અને ચંદ્રની શીતળતાનો અનુભવ થાય છે તેમજ ટમટમતા તારાઓનું સૌંદર્ય જોવા મળે છે. પરંતુ કવિ તો માતાની વાત્સલ્યપૂર્ણ આંખોથી જ સૂર્ય, ચંદ્ર અને તારા એ ત્રિવેણીની ઉષ્મા, શીતળતા અને સૌંદર્ય પ્રાપ્ત કરે છે.

2) માતાના હેતની હેલીને કવિ કઈ રીતે સમજાવે છે ?

- માતાના હેતની હેલીને સમજાવતાં કવિ કહે છે ચોમાસામાં મુશળધાર વરસાદની હેલી ઊમટે છે. એ જ રીતે જીવનમાં પણ ભલેને સ્વજનો કવિ પર પ્રેમ વરસાવે, તોપણ માતાના હેતની હેલીનો અભાવ તો રહેવાનો જ.

3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

1) 'ગોદ માતની ક્યાં?' કાવ્યમાં કવિને કઈ કઈ બાબતોમાં માની અધૂરપ અનુભવાય છે? શા માટે?

- 'ગોદ માતની ક્યાં?' ઊર્મિકાવ્યમાં કવિને માતાની મમતા માટેનો ઝુરાપો સાલે છે. કવિ વિચારે છે જીવનમાં છત બને છત્ર મળશે, પણ એમાં માતાની ગોદનો અભાવ અનુભવાય છે. ઘરમાં શયનખંડ અને સુંવાળી શય્યામાં પણ માતાની સોડની અનુભૂતિ નથી થતી. જીવનમાં રસ્તા અને રાહી (મિત્રો) મળશે, પણ માની હાજરી અનુભવવા નહિ મળે. ચંદ્ર, સૂર્ય અને તારામાં પણ માની વાત્સલ્યપૂર્ણ આંખોની અધૂરપ સાલે છે. પલ્લવ અને પુષ્પોમાં માનો પાલવ દેખાતો નથી. જીવનમાં મીઠા સૂર, તાલ અને સંગીત માણવા મળશે, પણ એમાંય માનો પ્રેમાળ ટહુકો સાંભળવા નથી મળતો. મદદ કરવા હજાર હાથ તૈયાર છે, પણ માના આલિંગનમાં જે હૂંફ અને નિશ્ચિંતતાનો ભાવ છે તે અહીં ક્યાંથી મળશે? વર્ષાની હેલી તો ઉમટે છે, પણ માના હેતની હેલી ક્યાં? કવિ ભરઉનાળે માની છાયાની અનુપસ્થિતિ અનુભવે છે. કવિને ભરશિયાળે હૂંફ આપતી માની માયાની અધૂરપ સાલે છે, કારણ કે હવે એમની પાસે મા રહી નથી. આમ, કવિ અનેક બાબતોમાં માની અધૂરપ અનુભવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2) કવિને માતા પાસેથી શું શું મળે છે?

- જીવનમાં લોકોને રહેવા ઘર મળતું હશે, પણ કવિને માતા પાસેથી હૂંફાળી ગોદ મળે છે. શયનખંડ અને શય્યા મળે, પણ કવિને સૂતી વખતે માતાની સોડ મળે છે. માતાની હાજરીથી જ મોટી રાહત મળે છે. માતાની આંખોમાંથી વાત્સલ્ય મળે છે. બીજાને જીવનમાં સૂર, તાલ અને સંગીતનો આનંદ મળે, જ્યારે કવિને માનો મીઠો સાદ સાંભળવા મળે છે. જીવનમાં વિકટ પરિસ્થિતિમાં મૂંઝાતા હોઈએ ત્યારે મદદ કરવા હજાર વ્યક્તિઓ તૈયાર હોય, પણ કવિને માના આલિંગનમાં પ્રેમનો સ્પર્શ મળે છે. અનરાધાર વરસાદ વરસે, પણ એના પર માના હેતની હેલી વરસે છે. ભરઉનાળે કવિને માતાની શીતળ છાયા અને ભરશિયાળે માતાની હૂંફાળી માયા મળે છે.

## 4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો:

"હાજર હાથ હજાર હોય, પણ

છાતી માની ક્યાં?"

- જીવનમાં વિકટ પરિસ્થિતિમાં આપણે મૂંઝાતા હોઈએ ત્યારે મદદ કરવા જો હજાર વ્યક્તિઓ તૈયાર હોય, તો પણ જ્યારે મા આલિંગનમાં લે છે ત્યારે જે હૂંફ મળે છે, એનાથી મૂંઝાયેલી વ્યક્તિ નિશ્ચિંતતા અનુભવે છે. એટલે જ કવિ કહે છે કે વિકટ પરિસ્થિતિમાં ભલે અનેક વ્યક્તિઓ મદદરૂપ થાય, પણ એમાં માના આલિંગનમાં મળતી હૂંફની અનુભૂતિ થતી નથી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in